

દિવ્ય ભાસ્કર

# મહાકુંભ દર્શન ગાઇડ



## મહાકુંભ 2025

13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી- 46 દિવસનું મહાપર્વ





# ગાઈડમાં ક્યાં શું છે...


| | |
|---|---|
| પવિત્ર સ્નાન અને પર્વ | પેજ 4 |
| સંગમ ક્ષેત્ર કેવી રીતે પહોંચશો | પેજ 5 થી 8 |
| કુંભમેળા ક્ષેત્રનો નકશો | પેજ 9 |
| પ્રયાગરાજમાં ક્યાં રોકાવું | પેજ 10 થી 14 |
| પ્રમુખ સ્નાન ઘાટ | પેજ 15 થી 16 |
| કામની 10 વાત | પેજ 17 થી 18 |
| પ્રયાગરાજનું વાતાવરણ કેવું રહેશે | પેજ 19 |
| હોડી/મોટર બોટ ક્યાં-કેવી રીતે મળશે | પેજ 20 |
| પ્રયાગનાં મુખ્ય દર્શનીય સ્થળ | પેજ 21-28 |
| પ્રયાગની આસપાસ દર્શનીય સ્થળ | પેજ 29-31 |
| અગત્યના નંબર | પેજ 32 |
| હાઈટેક મદદ કેવી રીતે મળશે? | પેજ 33 |

# મહાકુંભ દર્શન

# તે બધું જ જે તમારા માટે જાણવું જરૂરી

13 જાન્યુઆરી મહાકુંભ શરૂ થઈ રહ્યો છે. જો તમે પણ 46 દિવસના આ મહાપર્વમાં જવાનું મન બનાવી રહ્યા છો તો **દિવ્ય ભાસ્કર**ની ઈ-ગાઈડમાં સંપૂર્ણ જાણકારી મળશે. આમાં બધી જ જાણકારી છે, જે પ્રયાગ પહોંચવા, સંગમ સ્નાન કરવા અને આસપાસ ફરવામાં મદદગાર રહેશે.



**માઘ મકરગત રબિ જબ હોઈ**
**તીરથપતિહિં આવ સબ કોઈ**
**દેવ દનુજ કિંનર નર શ્રેનીં**
**સાદર મજ્જહિં સકલ ત્રિબેનીં**

**અર્થાત:** માઘમાં જ્યારે સૂર્ય મકર રાશિમાં જાય છે ત્યારે બધાં જ તીર્થરાજ પ્રયાગ આવે છે. દેવતા, દૈત્ય, કિન્નર અને મનુષ્યોના સમૂહ બધાં જ આદરપૂર્વક ત્રિવેણીમાં સ્નાન કરે છે.

# મહાકુંભ
# પવિત્ર સ્નાન અને પર્વ

| | | |
|---|---|---|
| **પહેલું સ્નાન**<br>13 જાન્યુઆરી<br>સોમવાર<br>પોષ પૂનમ | **પહેલું રાજસી સ્નાન**<br>14 જાન્યુઆરી<br>મંગળવાર<br>મકરસંક્રાંતિ | **બીજું રાજસી સ્નાન**<br>29 જાન્યુઆરી<br>બુધવાર<br>મૌની અમાસ |
| **ત્રીજું રાજસી સ્નાન**<br>3 ફેબ્રુઆરી<br>સોમવાર<br>વસંત પંચમી | **સ્નાન પર્વ**<br>12 ફેબ્રુઆરી<br>બુધવાર<br>માઘ પૂર્ણિમા | **અંતિમ સ્નાન પર્વ**<br>26 ફેબ્રુઆરી<br>બુધવાર<br>મહાશિવરાત્રિ |



## પ્રયાગરાજ આવવા પર સંગમ કેવી રીતે પહોંચશો?

# ટ્રેનથી આવતા સમયે

પ્રયાગરાજમાં 9 મુખ્ય સ્ટેશન છે. મુખ્ય સ્ટેશન પ્રયાગરાજ જંક્શનથી સંગમ 11 કિમી દૂર છે.

દરેક સ્ટેશનથી ઓટો, ઈ-રિક્ષા, કેબ, બસ મળશે.

### નવ મુખ્ય સ્ટેશનોથી સંગમ ક્ષેત્રનું અંતર...




- દેશનાં બધાં મુખ્ય શહેરોથી પ્રયાગરાજ માટે સીધી ટ્રેન છે. રોજ 110થી વધારે ટ્રેન અહીં રોકાય છે.
- મહાકુંભ દરમિયાન 3000 ખાસ ટ્રેન ચાલશે

# બાયરોડ આવતા લોકો

પ્રયાગરાજ પહોંચવાના **7 મુખ્ય રોડ** છે. દરેક એન્ટ્રી પોઇન્ટથી મેળા સુધી પહોંચવા માટે ઓટો, ઈ-રિક્ષા, કેબ, બસ મળશે.



# શહેરના એન્ટ્રી પોઇન્ટથી સંગમનું અંતર અને પાર્કિંગ વ્યવસ્થા

પ્રયાગરાજ શહેરથી મેળા સુધી જવાના દરેક એન્ટ્રી પોઇન્ટ પર અને ત્યાંથી સંગમ સુધી **120 પાર્કિંગ** બનેલાં છે.

| કઈ બાજુથી | એન્ટ્રી પોઇન્ટ | સંગમનું અંતર | પાર્કિંગ | પાર્કિંગથી અંતર |
|---|---|---|---|---|
| અયોધ્યા માર્ગ | ફાફમઉ થઈને | 14 કિમી | 8 | 0.5થી 11 કિમી |
| લખનઉ માર્ગ | ફાફમઉ થઈને | 14 કિમી | 22 | 0.5થી 8 કિમી |
| જૌનપુર રોડ | ઝૂંસી થઈને | 6 કિમી | 7 | 0.5થી 9 કિમી |
| વારાણસી રોડ | ઝૂંસી થઈને | 6 કિમી | 7 | 0.5થી 9 કિમી |
| મીરઝાપુર રોડ | નૈની થઈને | 8 કિમી | 15 | 0.5થી 14 કિમી |
| ચિત્રકૂટ-રીવા રોડ | નૈની થઈને | 8 કિમી | 15 | 0.5થી 14 કિમી |
| કાનપુર રોડ | સૂબેદારગંજ થઈને | 12 કિમી | 14 | 0.5થી 14 કિમી |



# વિમાનથી આવનાર

**પ્રયાગરાજ આવવા માટે અનેક મુખ્ય શહેરોથી ડાયરેક્ટ ફ્લાઇટ છે.** એરપોર્ટથી સંગમ 20 કિમી દૂર છે. અહીંથી કેબ, ટેક્સી, ઓટો, ઈ-રિક્ષા, બસ બધું જ ઉપલબ્ધ છે.

| શહેર | એરલાઇન્સ | ફ્લાઇટનો સમય | પ્રયાગરાજ |
|---|---|---|---|
| દિલ્હી | ઇન્ડિગો | દિવસમાં 1.15 | બપોરે 2.40 |
| દિલ્હી | એરલાઇન્સ એર | દિવસમાં 4.40 | સાંજે 6.35 |
| મુંબઈ | ઇન્ડિગો | સવારે 10.45 | બપોરે 12.55 |
| મુંબઈ | અકાસા એર | બપોરે 1.15 | બપોરે 3.25 |
| કોલકાતા | ઇન્ડિગો | બપોરે 4.10 | સાંજે 5.40 |
| બેંગ્લુર | ઇન્ડિગો | સવારે 10.20 | બપોરે 12.45 (સોમ-બુધ-શુક્ર) |
| જયપુર | એરલાઇન્સ એર | સાંજે 6.05 | સાંજે 7.55 |
| ભુવનેશ્વર | ઇન્ડિગો | સવારે 10.50 | બપોરે 12.55 |
| રાયપુર | ઇન્ડિગો | સાંજે 5.15 | સાંજે 6.45 |
| લખનઉ | ઇન્ડિગો | સાંજે 6.354 | સાંજે 8.15 |


**નોંધ:** કુંભ દરમિયાન કનેક્ટિવિટી વધી શકે છે અને તેનો સમય પણ બદલાઈ શકે છે.



# કુંભમાં ક્યાં શું છે?

કુંભમેળો ગંગા-યમુના અને અદૃશ્ય સરસ્વતીના કિનારે લાગે છે. મેળાનું ક્ષેત્ર 25 સેક્ટરમાં વહેંચાયેલું છે.

## મેળાનું ક્ષેત્ર




# પ્રયાગરાજ આવો તો ક્યાં રોકાશો

હોટલ, લોજ, ધર્મશાળા, ટેન્ટ સિટી, સાધુ-સંતોની શિબિર, તીર્થ પુરોહિતોની શિબિર, સરકારી આશ્રય સ્થળ છે. યુપી સરકારના વેબ પોર્ટલ પર જાણકારી છે-
kumbh.gov.in/hi/wheretostay

## ટેન્ટ સિટી

| વિલા | મહારાજા | સુપર ડિલક્સ |
|---|---|---|
| ભાડું પ્રતિ દિન ₹35,000 | ભાડું પ્રતિ દિન ₹24,000 | ભાડું પ્રતિ દિન ₹12,000 |

**ડોરમેટ્રી-** પ્રતિ દિન ₹1,500



**IRCTC મહાકુંભ ગ્રામ:** સંગમથી 3.5 કિમી દૂર. 18 હજાર પ્રતિ રાતના સુપર ડીલક્સ અને 20 હજાર રાતનાં વિલા છે.

**નોંધ:**અધિકૃત વેબસાઇટ અથવા એપથી જ બુકિંગ કરો. **મોબાઇલ-** 18001-10139

# અધિકૃત કોટેજ


## મેળા પ્રશાસને રોકાવા માટે અધિકૃત કોટેજની યાદી જાહેર કરી છે. બુકિંગ માટે ફોન પર સંપર્ક કરી શકો છો-

**સંગમ નિવાસ:** ધ અલ્ટિમેટ ટ્રાવેલિંગ કેમ્પના 44 ટેન્ટ. બે વ્યક્તિઓ માટે 1 દિવસનું ભાડુ ₹**1 લાખ. મોબાઈલ-** 80109-02222

| નામ | મોબાઈલ નંબર |
|---|---|
| ઋષિકુલ કુંભ કોટેજ | **92358-98881** |
| આગમન મહાકુંભ | **96500-92284** |
| કુંભ વિલેજ | **80814-48540** |
| કુંભ કેમ્પ ઈન્ડિયા | **73030-62799** |
| શિવાદ્યા | **79988-88851** |
| કુંભ કૈનવાસ | **92258-41005** |



**નોંધ:** અધિકૃત વેબસાઈટ અથવા એપથી જ બુકિંગ કરો






# શહેરમાં મુખ્ય ધર્મશાળા

| ધર્મશાળા/એડ્રેસ | ભાડું/દિવસ | સંગમથી અંતર | ફોન નંબર |
|---|---|---|---|
| **હોટલ લક્ષ્મી**<br>સ્વામી વિવેકાનંદ માર્ગ, જોનસેનગંજ | 2000-2500 | 3 કિમી | 70074-17970 |
| **બાંગડ ધર્મશાળા**<br>નયા પુલ ચૌરાહા બૈરહના | 1000-2000 | 3 કિમી | 99350-20360 |
| **ભારત સેવાશ્રમ સંઘ**<br>તુલારામ બાગ, બૈરહના | 1000-1500 | 3 કિમી | 73890-52281 |
| **અગ્રવાલ ધર્મશાળા**<br>પરેડ ગ્રાઉન્ડ દારાગંજ | 700-1500 | 5 કિમી | 63844-76473 |
| **જૈન મંદિર ધર્મશાળા**<br>ઝીરો રોડ, અજંટા સિનેમા પાસે | 500-1600 | 5 કિમી | --------- |
| **મારવાડી અગ્રવાલ**<br>સાઉથ મલાકા | 1000-3000 | 8.1 કિમી | --------- |

**નોંધ: બુકિંગ પહેલાં આવો, વહેલા તે પહેલાના આધારે**

## હોમસ્ટે/પેઇંગ ગેસ્ટ

યુપી પર્યટન નિગમે 50થી વધારે પંજીકૃત હોમસ્ટે અને પેઇંગ ગેસ્ટ હાઉસની યાદી બહાર પાડી છે. ભાડું 1000 રૂપિયાથી શરૂ.





# મુખ્ય હોટલ

પ્રયાગરાજમાં 218થી વધારે હોટલ છે. તેમાં 42 લક્ઝરી હોટલ છે. kumbh.gov.in/hi/Wheretostaylist પર જાણકારી છે.

| હોટલ | સંગમથી અંતર | ફોન નંબર |
|---|---|---|
| હેરિટેજ બડી કોઠી | 3 કિમી | 95192-92271 |
| કાન્હા શ્યામ | 5 કિમી | 0532-2560123 |
| ઇલાવર્ત | 6 કિમી | 94153-11133 |
| ત્રિવેણી દર્શન | 8.3 કિમી | 94153-11133 |
| ગ્રાન્ડ કોન્ટિનેન્ટલ | 9.8 કિમી | 0532-2260631 |
| હોટલ પ્લેસિડ | 11.5 કિમી | 0532-2460599 |
| હોટલ યાત્રિક | 10 કિમી | 0532-2260921 |
| હોટલ રવીશા | 10.9 કિમી | 97945-87666 |

## હોટલનું રોજનું ભાડું

| સસ્તા અને મિડલ રેન્જ | લક્ઝરી હોટલ |
|---|---|
| ₹3000 થી 7000 | ₹10,000 થી 24,000 |

**નોંધ:** કુંભ દરમિયાન ભીડ થવાથી ભાડું વધી શકે છે.

# મેળામાં ક્યાં રોકાઈ શકો છો

## સાધુ-સંતોની શિબિર

મેળામાં અખાડા અને શિબિરમાં રોકાઈ શકો છો. તેના માટે ડાયરેક્ટ આશ્રમ સાથે સંપર્ક કરવો પડશે.

## તીર્થ-પુરોહિતોની શિબિર

તીર્થ-પુરોહિત (પ્રયાગવાલ/પંડા)ને ત્યાં મહેમાનોના રોકાવાની જૂની પરંપરા છે. કલ્પવાસી આ જ શિબિરોમાં રહે છે.

## સરકારી આશ્રય

મેળા ક્ષેત્રમાં 20 હજારથી વધારે લોકોના રોકાવા માટે આશ્રયસ્થળ બનેલાં છે. 100 રૂપિયા પ્રતિ રાતના આપીને રોકાઇ શકો છો.



# મહાકુંભમાં સ્નાન ક્યાં કરશો
# મુખ્ય ઘાટ અને મહત્ત્વ

સંગમ પર અસ્થાયી ઘાટ છે. ગંગા-યમુના કિનારે આઠ પાક્કા ઘાટ છે. બંને નદીઓના કિનારે લગભગ 12 કિમી અસ્થાયી ઘાટ બનેલા છે. મુખ્ય ઘાટ...

## સંગમ ઘાટ

મુખ્ય સ્નાન સ્થળ. ગંગા અને યમુનાના સંગમ પર સ્નાનનું ખાસ મહત્ત્વ છે. તેની નજીક બડે હનુમાન મંદિર, અક્ષય વટ, શંકર વિમાન મંડપમ વગેરે દર્શનીય સ્થળ છે.



## દશાશ્વમેધ ઘાટ (ગંગા)

110 મીટર લાંબો અને 95 મીટર પહોળો ઘાટ. સિટિંગ પ્લાઝા, ચેન્જિંગ કેબિન, પાર્કિંગ અને મેડિટેશન સેન્ટર જેવી સુવિધા છે.

## કિલા ઘાટ (યમુના)

સંગમ પાસે સ્થિત ઘાટ 60 મીટર લાંબો અને 70 મીટર પહોળો છે. સ્નાનાર્થીઓની ભારે ભીડ સંભાળવા માટે ઘાટ બન્યો છે.

## સરસ્વતી ઘાટ (યમુના)

યમુનાજીના કિનારે 30 મીટર લાંબો અને 60 મીટર પહોળો પાક્કો સ્નાન ઘાટ છે. ઘાટની નજીક પ્રાચીન મનકામેશ્વર મંદિર છે.


## અન્ય મુખ્ય ઘાટ

યમુનાજીના કિનારે બલુઆ ઘાટ, કાલીઘાટ
ગંગાજીના કિનારે છતનાગ ઘાટ, નાગેશ્વર ઘાટ, મૌજગિરિ ઘાટ, મહેવા ઘાટ, શિવકુટી ઘાટ, નારાયણ આશ્રમ ઘાટ છે.

સરસ્વતી ઘાટ



# કામની 10 વાતો



1. **યાત્રાની યોજના:** કુંભમાં ભીડનું ધ્યાન રાખતા યાત્રાની યોજના પહેલાં બનાવો. ટિકિટ-રોકાવાની વ્યવસ્થા પહેલાં જ કરી લો.



2. **ડોક્યુમેન્ટ્સ:** આધાર કે વોટર આઈડી જેવા ડોક્યુમેન્ટ્સ સાથે રાખો. જે સુરક્ષા ઓળખ અને બુકિંગ દરમિયાન ખૂબ જ જરૂરી છે.




3. **રોકાવાની વ્યવસ્થા:** હોટલ, ધર્મશાળા અથવા ટેન્ટ સિટી જલદી ભરાઈ જાય છે. એવું વિચારીને ન જવું કે ત્યાં પહોંચીને વ્યવસ્થા થશે. બુકિંગ પહેલાં જ કરાવી લો. ટિકિટ અથવા બુકિંગ અધિકૃત કાઉન્ટર, વ્યક્તિ, વેબસાઇટ અથવા એપથી જ કરો.



4. **મૌસમ:** પ્રયાગરાજમાં ઠંડી ખૂબ જ છે. મેળા દરમિયાન ન્યૂનતમ તાપમાન 6-7 ડિગ્રી સેલ્સિયસ સુધી જાય છે. ગરમ કપડાં લઈને આવો,. બાળકો-વૃદ્ધો સાથે જાવ તો ખાસ ધ્યાન રાખો,




5. **જરૂરી સામાન:** પાણીની બોટલ, ખાવા માટે હળવો નાસ્તો, માસ્ક, જરૂરી દવાઓ અને થોડા રોકડ સાથે રાખો.








6. **સાવધાની:** મેળામાં જેમની સાથે જાવ, તેમની સાથે રહો. બાળકો-મહિલાઓ અને વડીલોનું ખાસ ધ્યાન રાખો. મેળામાં જતા પહેલાં બધા સભ્યોનાં નામ, એડ્રેસ અને મોબાઈલ નંબર લખીને ચોક્કસ રાખો.



7. **ગભરાશો નહીં, મદદ માગો:** કોઈ સમસ્યા હોય તો ગભરાશો નહીં. કોઈ ખોવાઈ જાય તો લોસ્ટ એન્ડ ફાઉન્ડ સેન્ટર પહોંચો. પ્રશાસન-પોલીસ પાસેથી મદદ માગો.



8. **સ્નાન:** પ્રશાસનના આદેશોનું પાલન કરો. ચોક્કસ ઘાટ અને અંતર સુધી સ્નાન કરો. સ્નાન દરમિયાન સામાનની સુરક્ષા સાથે ગયેલા લોકોને સોંપો. અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરો.



9. **સાવધાની:** ખિસ્સાચોરોથી સાવધાન રહો. અજાણ્યા વ્યક્તિ દ્વારા આપવામાં આવેલી વસ્તુઓને ખાશો નહીં. કોઈ બિનવારસી વસ્તુ જુઓ તો પોલીસ-પ્રશાસનને સૂચના આપો.



10. **જાતે જ પોતાની સુરક્ષા:** પોતાના સામાનની સુરક્ષાનું ધ્યાન રાખો. કીમતી સામાન જેમ કે, મોબાઈલ, પર્સ અને ઘરેણાંને સુરક્ષિત રાખો. વધારે કીમતી વસ્તુઓ લાવવાથી બચવું.

# પ્રયાગરાજમાં હવામાન


# ધુમ્મસની વચ્ચે સવાર થશે

• હવામાન વિભાગનો અંદાજો છે કે 9 જાન્યુઆરી પછી પ્રયાગરાજમાં તાપમાન સામાન્યથી નીચે રહેશે. કુંભ દરમિયાન 45 દિવસમાં અનેક સવાર અને રાત ધુમ્મસમાં હશે.

• 13 ફેબ્રુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી ઠંડા પવન ઓછા ફુંકાશે. મુખ્ય સ્નાન પર્વો પર વાતાવરણ અનુકૂળ રહેશે.

• મકરસંક્રાંતિ (14 જાન્યુઆરી)એ પહેલાં શાહી સ્નાન પર ન્યૂનતમ તાપમાન  7 ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. મૌની અમાસ (29 જાન્યુઆરી)એ અને વસંત પંચમી (3 ફેબ્રુઆરી)એ ઠંડી ઓછી રહેશે.

• આ પહેલાં મહાકુંભમાં માઘમાં 8 થી 20 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે સામાન્ય તાપમાન રહેતું હતું, આ વખતે 2-3 ડિગ્રી વધારે રહી શકે છે.



## હોડી દ્વારા દર્શન-સ્નાન-ભ્રમણ

# હોડી ક્યાં અને ક્યારે મળશે

■ મેળા ક્ષેત્રમાં મુખ્ય ઘાટ પર 4000થી વધારે બોટ/હોડી છે. બુકિંગની સેન્ટ્રલાઇઝ વ્યવસ્થા નથી, ઘાટ પર જ બુકિંગ થશે.

■ ત્રિવેણી બોટ ક્લબથી સ્પીડ બોટ/મિની ક્રૂઝ મળશે. બોટ પર 10 યાત્રી બેસી શકે છે અને **ભાડું 280 રૂપિયા**/યાત્રી રહેશે.

■ ત્રણ મિની ક્રૂઝ છે. દરેક ક્રૂઝમાં 35 સીટ છે અને એક વ્યક્તિનું **ભાડું 350 રૂપિયા** છે.

■ 15 મોટી બોટ છે. **ભાડું 150 રૂપિયા** પ્રતિ વ્યક્તિ છે.



## તીર્થરાજ પ્રયાગ

# કુંભનગરીનાં પ્રમુખ ધર્મસ્થળો

પ્રયાગરાજ આવવાનો અવસર મળે તો મેળા સહિત ઘણાં પ્રમુખ ધાર્મિક સ્થળો છે, જ્યાં જવું જોઈએ. અમુક પ્રમુખ ધાર્મિક સ્થળો-



## ત્રિવેણી સંગમ

સંગમ કિનારે જ મહાકુંભ થાય છે. અહીં મુખ્ય સ્થળ છે. અહીં એક ડૂબકી લગાવવા માટે લોકો દેશ-વિદેશથી આવે છે



## મોટા હનુમાનજીનું મંદિર

**સંગમ** કિનારે હનુમાનજીની વિશાળ મૂર્તિ છે. તેમને પ્રયાગરાજના નગર અધિકારી કહેવામાં આવે છે.

- **સંગમથી અંતર**
અડધું કિલોમીટર

- **દર્શનનો સમય**
મંદિર સવારે 4:30થી રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લું રહેશે




## અક્ષયવટ અને સરસ્વતી કૂપ

**સંગમ** કિનારે કિલ્લામાં પવિત્ર વટવૃક્ષ છે, જેનો ઉલ્લેખ પુરાણોમાં પણ છે. આ સૃષ્ટિના આરંભ અને પ્રલયનો સાક્ષી રહ્યો છે. અહીં સરસ્વતી કૂપ પણ છે.

- **સંગમથી અંતર**
અંદાજે 300 મીટર

- **દર્શનનો સમય**
સવારે 8 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી




# શ્રી નાગવાસુકિ મંદિર

**દારાગંજ**માં ગંગા નદીના કિનારે આ એક પ્રાચીન મંદિર છે. પોતાના અનોખા પ્રકારનાં મંદિરો રાજા નાગવાસુકિની મૂર્તિ છે. અહીં કાલસર્પ દોષની પૂજાની વિશેષ માન્યતા છે

- **સંગમથી અંતર**

અંદાજે 3.4 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5 વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધી



# મા આલોપી દેવી મંદિર

**અહીં** માતા સતીની આંગળી પડી હતી. આ શક્તિપીઠ પર દેવીની મૂર્તિ નહીં, પરંતુ પારણાની પૂજા કરવામાં આવે છે. બન્ને નવરાત્રીમાં અહીં ખૂબ જ ભીડ રહે છે

- **સંગમથી અંતર**

અંદાજે 5 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5થી રાત્રે 10 વાગ્યા સુધી





# શ્રી મનકામેશ્વર મહાદેવ મંદિર

**યમુના**જીના કિનારે મિંટો પાર્કની બાજુમાં આ પ્રાચીન મંદિર આવેલું છે. ભગવાન શ્રી રામે પણ વનવાસ પહેલાં અહીં પૂજા કરી હતી. આ જ પરિસરમાં ઋણમુક્તેશ્વર મંદિર મહાદેવ અને હનુમાનજીનું પણ મંદિર છે.

- **સંગમથી અંતર**

અંદાજે 3 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5થી રાત્રે 8 વાગ્યા સુધી

# શિવાલય પાર્ક, અરૈલ


**આ** અરૈલ ઘાટ પર શિવાલય પાર્ક છે. આને ભારતના માનચિત્રની રીતે ડિઝાઇન કર્યું છે. ઉત્તરમાં કેદારનાથ, પૂર્વમાં લિંગરાજ, દક્ષિણમાં શોર મંદિર, પશ્ચિમમાં સોમનાથ જ્યોતિર્લિંગ છે.

- **સંગમથી અંતર**

અંદાજે 3 કિમી

- **આવવાનો સમય**

આ પાર્ક 24 કલાક ખુલ્લો રહે છે




## મહર્ષિ ભારદ્વાજ આશ્રમ

**વનવાસ** જતી વખતે ભગવાન શ્રી રામે અહીં મહર્ષિ ભારદ્વાજનાં દર્શન કર્યાં. સપ્ત ઋષિ-પરિવારોમાં મહર્ષિ ભારદ્વાજનું નામ સર્વાધિક આદર સાથે લેવામાં આવે છે.

- **સંગમથી અંતર**

અંદાજે 5 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5:30થી રાત્રે 10 વાગ્યા સુધી અહીં આવી શકાય છે




## શ્રી વેણીમાધવ મંદિર


**આ** પ્રાચીન મંદિર દારાગંજમાં નિરાલા માર્ગ સ્થિત છે. પ્રયાગરાજનાં ચારેય અને 12 માધવોનું મંદિર છે. ભગવાન વેણીમાધવને પ્રયાગરાજના નગર દેવતા માનવામાં આવે છે

- **સંગમથી અંતર**

અંદાજે 3 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5 થી બપોરે 12 વાગ્યે, સાંજે 4 થી રાત્રે 10 વાગ્યા સુધી






## મા લલિતા દેવી મંદિર

**આ** પૌરાણિક મંદિર યમુનાની નજીક છે. અજ્ઞાતવાસ દરમિયાન લાક્ષાગૃહમાં બળવાથી બચેલા પાંડવોએ પણ આ મંદિરમાં દેવીની પૂજા કરી હતી.

- **સંગમથી અંતર**

અંદાજે 6 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહે છે.

## આદિ શંકર વિમાન મંડપમ

**આનું** નિર્માણ શ્રી કાંચી કામકોટિ પીઠે 1986માં કરાવ્યું. ગ્રાઉન્ડ ફ્લોર સહિત 4 માળના મંદિરમાં શૈવ, વૈષ્ણવ અને શાક્ત ત્રણેય સંપ્રદાયોના વિગ્રહ સ્થાપિત છે.


- **સંગમથી અંતર**

અંદાજે 1 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5થી રાત્રે 10 વાગ્યા સુધી





## પાંડેશ્વર નાથ મહાદેવ

**ભગવાન** શંકરના આ મંદિરમાં પાંડવોએ અજ્ઞાતવાસમાં દર્શન કર્યાં હતાં. આ મંદિર પ્રયાગરાજના પંચક્રોશી પરિક્રમામાં આવેલું છે. માનતા પૂરી થવા પર નિશાની રાખવામાં આવે છે.

- **સંગમથી અંતર**

અંદાજે 16 કિમી

- **દર્શનનો સમય**

સવારે 5થી રાત્રે 9:30 વાગ્યા સુધી

## શ્રૃંગેશ્વર ધામ

**ભગવાન** શ્રી રામ વનવાસ જતી વખતે અહીંથી જ ગંગા નદી પાર કરી હતી. નિષાદરાજ કેવટે તેમને અહીંથી જ ગંગા નદી પાર કરાવી હતી. ગંગા કિનારે શ્રૃંગા દેવીનું પ્રાચીન મંદિર છે.


- **સંગમથી અંતર**

અંદાજે 25 કિમી દૂર

- **દર્શનનો સમય**

મંદિર હંમેશાં ખુલ્લું રહે છે





## આઝાદ પાર્ક

**આ** ઐતિહાસિક પાર્કમાં મહાન ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદ શહીદ થયા હતા. 1870માં બનેલા આ પાર્કનું અગાઉ નામ અલ્ફ્રેડ પાર્ત હતું. આ જ પરિસરમાં અલ્હાબાદ સંગ્રહાલય પણ છે

- **સંગમથી અંતર**

અંદાજે 6 કિમી દૂર

- **આવવાનો સમય**

પાર્ક સવારે 5થી રાત્રે 9:30 સુધી ખુલ્લું રહે છે

## આનંદ ભવન

**એક** ઐતિહાસિક સંગ્રહાલય છે, જે નહેરુ પરિવારનું નિવાસસ્થાન હતું. સ્વતંત્રતા આંદોલનથી જોડાયેલા નિર્ણયોનું આ સાક્ષી છે. અહીં નક્ષત્રશાળા પણ છે.

- **સંગમથી દૂરી** 6 કિમી
- **સમય** સવારે 9થી સાંજે 5 સુધી

## અન્ય સ્થળો

**કલ્યાણી** દેવી મંદિર, તક્ષક મંદિર શિવકોટિ, નારાયણ આશ્રમ, વિક્ટોરિયા મેમોરિયલ, પબ્લિક લાઇબ્રેરી, ખુસરોબાગ

## પ્રયાગરાજની આસપાસના ધાર્મિક કેન્દ્ર

# કાશી-અયોધ્યા-ચિત્રકૂટ

પ્રયાગરાજ મહાકુંભ આવનાર શ્રદ્ધાળુઓ કાશી, અયોધ્યા, ચિત્રકૂટ અને વિંધ્યાચલ દર્શન કરવા જઈ શકે છે





# વિંધ્યાચલ

**વિંધ્યવાસિની** મંદિર મીરઝાપુરમાં ગંગા કિનારે છે. ધર્મરાજ યુધિષ્ઠિરે પણ દેવીની સ્તુતિ કરી હતી. માતા વિંધ્યાવાસિનીને પણ આદિશક્તિ કહેવામાં આવે છે. અહીં કાલી ખોહ અને અષ્ટભુજા દેવીનું પણ મંદિર છે.

- **પ્રયાગરાજથી અંતર** 85 કિમી
- **કેવી રીતે પહોંચશો**

પ્રયાગરાજથી વિંધ્યાચલ જવા માટે ઘણી બસ અને ટ્રેન છે



# અયોધ્યા ધામ

**ભગવાન** શ્રી રામની જન્મભૂમિ જે હિન્દુ ધર્મની સાત પુરીઓમાંની એક છે. અહીં નવનિર્મિત શ્રીરામ જન્મભૂમિ મંદિરમાં દર્શન કરી શકાય છે. આની સાથે જ સરયુજીમાં સ્નાન કરવાનું વિશેષ મહત્ત્વ છે.

**પ્રયાગરાજથી અંતર** 169 કિમી

**કેવી રીતે પહોંચશો**

પ્રયાગરાજથી અયોધ્યા જવા માટે ઘણી બસ, ટેક્સી અને અમુક ટ્રેન છે




## ચિત્રકૂટ

**ભગવાન** શ્રી રામ વનવાસનાં 14 વર્ષમાંથી સાડા 11 વર્ષ અહીં મંદાકિનીના કિનારે જ રહ્યા. અહીં કામદગિરિજીની પરિક્રમા, ભગવાન કામતનાથનાં દર્શન, પયસ્વની/મંદાકિનીમાં સ્નાનનું વિશેષ મહત્ત્વ છે.

- **પ્રયાગરાજથી અંતર** 130 કિમી
- **કેવી રીતે પહોંચશો**

પ્રયાગરાજથી ચિત્રકૂટ જવા માટે ઘણી બસ, ટેક્સી અને અમુક ટ્રેન છે



## વારાણસી

**ભગવાન** શિવજીની નગરી, જેને દુનિયાનું સૌથી પ્રાચીન નગર માનવામાં આવે છે. અહીં બાબા વિશ્વનાથ, મા અન્નપૂર્ણા, દુર્ગાકુંડ, સંકટમોચનનાં દર્શન થાય છે. સારનાથમાં ભગવાન બુદ્ધે પહેલો ઉપદેશ આપ્યો હતો.

- **પ્રયાગરાજથી અંતર** 120 કિમી
- **કેવી રીતે પહોંચશો**

પ્રયાગરાજથી વારાણસી જવા માટે ઘણી બસ, ટેક્સી અને ટ્રેન છે.

# આ નંબર સંભાળીને રાખજો

કુંભ દરમિયાન મદદ માટે યુપી સરકારે **કુંભ સહાયક** એપ અને વેબસાઇટ બનાવી છે. આ AIથી સજ્જ અને મેળાથી સંબંધિત દરેક જાણકારી નવ ભાષાઓમાં છે...

kumbh.gov.in/en/kumbhsahayak




**કુંભ હેલ્પ લાઇન:** 1920 — **ગુમ થયેલા સહિત** કોઈપણ કટોકટી સમયે જરૂરત માટે આના પર સંપર્ક કરો

**પોલીસ હેલ્પ લાઇન:** 112

**રેલવે ટોલ ફ્રી:** 1800-4199-139

## તંત્ર દ્વારા અધિકૃત અમુક ટૂર ઓપરેટર્સ

https://kumbh.gov.in/hi/touristguide

## હાઇટેક મદદ

# QR કોડ સ્કેન કરીને જાણકારી મેળવો

તંત્રએ શ્રદ્ધાળુઓની મદદ માટે **QR કોડ** જાહેર કર્યો છે. તેને મોબાઇલથી સ્કેન કરીને જાણકારી લઈ શકો છો. મેળામાં આ અલગ-અલગ જગ્યાએ લગાવ્યા છે. **જાણો કઈ જાણકારી માટે કયા રંગના કોડને સ્કેન કરવો પડશે...**

**તંત્રની સેવાઓની જાણકારી માટે આ કોડને સ્કેન કરો**

**આપાતકાલીન સેવાઓની જાણકારી માટે લાલ રંગના આ કોડને સ્કેન કરો**

**હોટલ અને ભોજન સંબંધિત જાણકારી માટે બ્લુ રંગના કોડને સ્કેન કરો**

# सनातन गर्व महाकुम्भ पर्व

वेबसाइट
https://kumbh.gov.in/

मोबाइल ऐप
Maha Kumbh Mela 2025




## दिव्य-भव्य-डिजिटल महाकुम्भ 2025

13 जनवरी से 26 फरवरी

**महाकुम्भ 2025 प्रयागराज**



आकस्मिक सेवाएं | मेला प्रशासन | आवास एवं आहार | यूपी की उपलब्धियां


कुम्भ सहायक चैटबॉट हेतु QR कोड स्कैन करें

कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें



कुम्भ चैटबॉट लिंक
**chatbot.kumbh.up.gov.in**


सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश | UPGovtOfficial | CMOUttarpradesh | CMOfficeUP
mahakumbh_25/ | upmahakumbh | MahaKumbh_2025 | https://kumbh.gov.in/



उत्तर प्रदेश सरकार
सनातन गर्व
महाकुम्भ पर्व
महाकुम्भ 2025
स्वच्छ, सुरक्षित एवं सुव्यवस्थित महाकुम्भ 2025
महाकुम्भ 2025 प्रयागराज
13 जनवरी से 26 फरवरी
मानवता की अमूर्त सांस्कृतिक धरोहर
आपकी सेवा में तत्पर-हेल्पलाइन नंबर
1920 महाकुम्भ मेला हेल्पलाइन
1944 मेला पुलिस
1945 फायर सर्विस
102, 108 एम्बुलेंस सेवा
1010 खाद्य एवं रसद हेल्पलाइन
https://kumbh.gov.in
आकस्मिक सेवाएं
मेला प्रशासन
आवास एवं आहार
यूपी की उपलब्धियां
कुम्भ सहायक चैटबॉट हेतु QR कोड स्कैन करें
कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें
सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश
UPGovtOfficial
CMOUttarpradesh
CMOfficeUP
mahakumbh_25/
upmahakumbh
MahaKumbh_2025
https://kumbh.gov.in/



सनातन गर्व
महाकुम्भ पर्व
स्वच्छ, सुरक्षित एवं
सुव्यवस्थित
महाकुम्भ 2025
महाकुम्भ 2025 प्रयागराज
13 जनवरी से 26 फरवरी
पुण्य फलें, महाकुम्भ चलें
विस्तार है अपार : 4,000 हेक्टेयर में मेला क्षेत्र
घर जैसा वैभव-विलास : 1,60,000 टेंट
सतर्क एवं समग्र सुरक्षा : 2,750 सीसीटीवी कैमरे
स्वच्छता में सर्वोत्तम : 1,50,000 शौचालय
आकस्मिक सेवाएं
मेला प्रशासन
आवास एवं आहार
यूपी की उपलब्धियां
कुम्भ सहायक चैटबॉट हेतु
QR कोड स्कैन करें
कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें
सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश
UPGovtOfficial CMOUttarpradesh CMOfficeUP
mahakumbh_25/ upmahakumbh MahaKumbh_2025 https://kumbh.gov.in/



उत्तर प्रदेश सरकार
महाकुम्भ प्रयागराज 2025
दिव्य-भव्य-डिजिटल महाकुम्भ 2025
सनातन गर्व महाकुम्भ पर्व
प्रमुख स्नान पर्व
पौष पूर्णिमा - 13 जनवरी, 2025
मकर संक्रांति - 14 जनवरी, 2025
मौनी अमावस्या - 29 जनवरी, 2025
बसंत पंचमी - 03 फरवरी, 2025
माघी पूर्णिमा - 12 फरवरी, 2025
महाशिवरात्रि - 26 फरवरी, 2025
आकस्मिक सेवाएं
मेला प्रशासन
आवास एवं आहार
यूपी की उपलब्धियां
कुम्भ सहायक चैटबॉट हेतु QR कोड स्कैन करें
कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें
सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश
UPGovtOfficial
CMOUttarpradesh
CMOfficeUP
mahakumbh_25/
upmahakumbh
MahaKumbh_2025
https://kumbh.gov.in/

उत्तर प्रदेश सरकार


# सनातन गर्व महाकुम्भ पर्व

स्वच्छ, सुरक्षित एवं सुव्यवस्थित महाकुम्भ 2025

## महाकुम्भ 2025 प्रयागराज

13 जनवरी से 26 फरवरी

## सामाजिक समता का महापर्व



आकस्मिक सेवाएं | मेला प्रशासन | आवास एवं आहार | यूपी की उपलब्धियां

कुम्भ सहायक चैटबॉट हेतु QR कोड स्कैन करें

कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें

सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश | UPGovtOfficial CMOUttarpradesh CMOfficeUP

mahakumbh_25/ upmahakumbh MahaKumbh_2025 https://kumbh.gov.in/


सनातन गर्व
महाकुम्भ पर्व
महाकुम्भ प्रयागराज 2025
दिव्य-भव्य-डिजिटल महाकुम्भ 2025
महाकुम्भ 2025 प्रयागराज
13 जनवरी से 26 फरवरी
पुण्य फलें, महाकुम्भ चलें
कुम्भ सहायक
महाकुम्भ-2025 के लिए आपका AI-सक्षम व्यक्तिगत डिजिटल मार्गदर्शक
कुम्भ सहायक की विशेषताएं
हिंदी, अंग्रेजी एवं 9 अन्य भारतीय भाषाओं में उपलब्ध
वाट्सऐप एवं महाकुम्भ वेबसाइट/ऐप पर उपलब्ध
बोलकर एवं लिखकर सवाल पूछने की क्षमता
श्रद्धालुओं के लिए व्यक्तिगत फोटो स्मृति चिन्ह उपलब्ध
आस-पास की सुविधाओं हेतु गूगल मैप एकीकरण
पीडीएफ एवं चित्रों से सुसज्जित मीडिया गैलरी
एक क्लिक पर पाएं सम्पूर्ण जानकारी
कुम्भ इतिहास
आध्यात्मिक गुरु
यात्रा एवं आवास
टूर पैकेज
मुख्य आकर्षण
प्रमुख कार्यक्रम
नागरिक सुविधाएं
कुम्भ सहायक चैटबॉट हेतु QR कोड स्कैन करें
कुम्भ सहायक
वाट्सऐप नं. 8887847135
पर 'नमस्ते' भेजें
कुम्भ चैटबॉट लिंक
chatbot.kumbh.up.gov.in
आकस्मिक सेवाएं
मेला प्रशासन
आवास एवं आहार
यूपी की उपलब्धियां
सूचना एवं जनसम्पर्क विभाग, उत्तर प्रदेश
UPGovtOfficial
CMOUttarpradesh
CMOfficeUP
mahakumbh_25/
upmahakumbh
MahaKumbh_2025
https://kumbh.gov.in/

दिव्य भास्कर

सहस्त्रं कार्तिके स्नानं माघ स्नान शतानि च ।
वैशाखे नर्मदा कोटिः कुंभ स्नानेन तत्फलं ॥

**અર્થાત:** કાર્તિકમાં તીર્થ સ્નાનનું ફળ 1000 ગણું અને માઘમાં 100 ગણું મળે છે. વૈશાખમાં નર્મદાજીનું સ્નાન કરોડો ગણું ફળ મળે છે. આ બધાં તીર્થો અને મહિનામાં મળનાર સ્નાનનું ફળ કુંભમાં તરત જ મળી જાય છે.



# હર-હર ગંગે...

## તમારી યાત્રા મંગલમય રહે!